૨૪૩૧

શ્રી રીપનરંગ.

મંગળાચરણ.

ગીતિ.

ગણનાયક વાયક દે, ગણેશ પરમેશ્વરા પરમ ભાવે;
વિઘ્ન હરિ કર મંગલ, કવિ કીર્તિ ગુણ રિપનતણા ગાવે. ૧
સરસ્વતિ મતિ દેજે, સ્હેજે વચનામૃતે તૃપ્તિ થાય;
ભવ્ય ભર્તભૂમીમાં, અજર અમર રહે રૂડો રિપન રાય. ૨

(રિપનનો જન્મ.)

રોળાવૃત.

આર્ય ભૂમિ આ ભવ્ય, થયા જ્યાં શુરવિર રાજા.
થયા રૂડા રૂષિજન, ધર્મની જે ધજ માજા. ૧
રઘુકુળ મણિ રાજેંદ્ર, રામનું રાજ્ય ગવાએ;
ગૌતમ વશિષ્ટ આદિ, રૂષીઓ ઊંચ ગનાએ. ૨
વ્યાસ અને વાલ્મીક, આદિ કવિ અનુપમ જાણું;
રામાયણ મહાભાર્ત, ગ્રંથ શી રીત વખાણૂં. ૩
વેદ વાણિ વિખ્યાત, આર્યની અદ્‌ભૂત ભાળી;
સંસ્કૃત આદિક સર્વ, વાણિ મધુરી મર્માળી.
આણિ અંત વેદાંત, વર્ણવ્યાં શાસ્ત્રો સાચાં;
વિદ્યા વધી વિવીધ કળાનાં કાર્ય ન કાચાં.
રિદ્ધિ સિદ્ધિનિ વૃદ્ધિ, પ્રતી દિન થાય પ્રકર્ષે;
ગ્રંથ રૂપિ ગર્યની, કહો કિમ્મત કો કરશે.

ગ્રંથ પ્રયોજન.

શ્રીમન્ શૂર દયાળુ, મહા ગયાળૂ મહાત્મ છે જેનૂં;
એ ઉપમેય મળેતો, યથાર્થ વર્ણન કવી ગણે તેનૂં. ૧
લાર્ડ રિપન લાડકડો, રાણિ પ્રતીનિધિ પ્રજા તણો ત્રાતા;
રાજા પ્રજા તણું હિત, સમચિત ધારી થયોજ સુખદાતા. ૨
પ્રિચ્ચિસ ક્રોડ પ્રજાને, આભારી કરી ઉદાર અંતરથી;
કયમ ગણિએ કો કાળે, તન મન ધનને અધીક એ નરથી. ૩
આર્ય ઉન્નતી કર્ત્તા, ભર્તખંડમાં ઉગ્યો ભાણુ ભારી;
રીપન રંગ નિરખિને, હર્ષ થયો હામ તો વધી મારી. ૪
જેવી જેની શકતી, તે રીતે તે ગણે ગુણો ગરવા.
પદ બંધે ગુણ ગૂંથૂ, કીર્તિ કાયને અજર અમર કરવા. ૫

ગ્રંથાર્પણ.

રાવબહાદુર છે રડા, દિવાન બહાદુર તેજ;
જશભાઇ સુત જશ ખાણુ છે, મણિભાઈ સદા સતેજ. ૧
મહતાકાંક્ષિ મહાપુરૂષ, કોવિદ કચ્છ દિવાન;
રીપન રાજ્યનિતી તણું, શુદ્ધ કરે સન્માન. ૨
રિપનરંગમાં મણીમણિ, જડું હું કરી જતન;
ગુર્જર શિર મણિને રિપન, મગ્ન રહો નિત મન. ૩

વિર વિક્રમ ભડભોજ, થયા રાજેંદ્રો રૂડા;
અકબર આદિક અવર, પાદશા ક્યમ કહું કૂડા. ૭
માઘ મુરારી બાણ, ભેરવી ને ભવભૂતી;
કાળિદાસ આદીક, કવિ કોવિદ રસમૂર્તી. ૮
ભર્તભૂમિપર ભૂપ, શૂર પંડિત દેવાંશી;
સરજ્યા સરજનહાર, સ્મૃદ્ધિ થઇ તેથી દાસી. ૯
આર્યખંડનો ઉદય, થયો સંપૂર્ણ કળાયે;
વ્હેમ કુસંપાદીક, વૈરિ વસવા અકળાએ. ૧૦
બઈ કળીનું રૂપ, અર્જ કીધી ઈશ્વરને;
આયુ વર્ષ સતચાર, દિધું પ્રભુએ કળિવરને. ૧૧
ઉદય પછી છે અસ્ત, એજ કહેવત સત કરવા;
આર્ય જનોની માંહિ, કળી વાસ્યો દિન ફરવા. ૧૨
જન્મ થતાંની વાર, ઝેર દષ્ટીમાં ઝાઝું;
સંપતણો સંહાર, કરી દિલ કીધૂ તાજું. ૧૩
દુરબુદ્ધિ દેહમાં, રગેરગ વ્યાપી રહિછે;
વ્હેમ તણી વારતા, વાણિમાં સ્થિર થઈછે. ૧૪
જાત તણી કરિ નાત, નાતમાં તડ પણ કીધાં;
તડનાં ઘર પણ ભિન્ન, ભિન્ન જન મન કરિ દીધાં. ૧૫
વિદ્યાહિણ વિદ્વાન, ગૂણ હિણ ગુણિઓ દીઠા;
રસ હિણ રસના રસા, ન દે તે મેવા મીઠા. ૧૬
બાળલગ્નથી બહૂ, જનો અલ્પાયૂ જોયા;
કન્યાવિક્રય કરી, ખરા યશ ઉજ્વલ ખોયા. ૧૭
બાંડુ મિત્રમાં ભાળ્યું, સ્નેહનું ગેહજ સૂનું;
અસત્ય માને શાસ્ત્ર, જગતમાં જે છે જૂનૂં. ૧૮

છળ કપટોની જાળ, પાથરી પેટ ભરેછે;
તજી ઉંચ ઉદ્યોગ, આળસૂ થઈ ફરેછે. ૧૯
માત પિતા ગુરૂ દેવ, તજી સેવે નિચ જનને;
અધર્મને આચરી, મગ્ન રાખે નિજ મનને. ૨૦
શૂરાતન સામટૂં, તજે ક્ષત્રિઓ ખાસૂ;
તજિ શાહુકારે શાચ, કળી બળ બહુ પરકાસ્યૂ. ૨૧
પ્રજાહીત હણનાર, નૃપતિ બળહીણા નિરખ્યા;
તજિ પંડિત પરધાન, રાખિ નિજ જનને હરખ્યા. ૨૨
આચાર્યો અવિચારિ, નારિઓ નઠોર થઈછે,
ધર્મ ધર્ણિથી ધસ્યો, લક્ષ્મિ લૂટાઈ ગઈછે. ૨૩
તન મન ધનનૂ જોર, જતાં આર્યજ ઉદાસી;
થયા બિચારા રંક, પડતિની પામ્યા ફાંસી. ૨૪
સત્વ હરાઈ ગયું, ખંડ થઇ પડિયો ખોખૂં,
સિંહ દંત મુછ જતાં, મૂખ લાગે છે બોખૂં. ૨૫
સ્નેહ સંપ રૂપ નાડ, છેક તુટતી જોઇ જયારે;
આર્ય પુત્રે આક્રંદ, અતોશય કીધૂં ત્યારે. ૨૬
દયા દેવ દિલ થઈ, અમીની દૃષ્ટી કીધી,
ઇંગ્લીશ જનને હાથ, ભર્તની ભૂમી દીધી. ૨૭
કળિમળ હણવા કૃત્ય, કર્યા મંગળ અંગ્રેજે;
કીધો જીર્ણોદ્ધાર, દેશ વસ્તુનો સ્હેજે. ૨૮
કળિ હણતાં કાંઇ સ્પર્શ, લાગિયો બ્રીટિશજનમાં;
કિંચિત કળિનો દોષ, રહ્યો તેઓના મનમાં. ૨૯
અસર સેંકડો વર્ષ, નહીં જાએ એ પૂરી;
કાંછન હૃદયે રહ્યું, ચામડી બાહર ભૂરી. ૩૦

એવું ધારિ અવિનાશ, એકનર નૌતમ નિર્મ્યો;
ધર્મ ધુરંધર ન્યાયિ, દેશ સ્કાટલાંડે જન્મ્યો. ૩૧
સન અઢારસેં અને, સતાવિશનો અકટોબર;
ચોવિશમી તારિખે, નીપજ્યો એ ગુણિનરવર. ૩૨
ધન્ય દેશ ધન્ય દિવસ, ધન્ય નક્ષત્રજ એનું;
ધન્ય માતની કૂખ, હૃદય નિરમળ છે જેનું. ૩૩
ધન્ય પિતા ધનવાન, રિપન સુત રત્ન વિરાજે;
ધન્ય હિંદ તુજ ભાગ્ય, તેહ તુજ તારણ કાજે. ૩૪
ત્રિગુણાત્મક તે પુરૂષ, ત્રણ અક્ષરને નામે;
વિશ્વપતી વીવેક, કરી દીધો સુખ કામે. ૩૫
રિપન રિપન સહુ રટો, લાર્ડ રીપન રંગીલો;
એહ આર્ય અર્વિંદ, પ્રકાશક સૂર્ય છબીલો. ૩૬

[લાર્ડ રિપનની હિંદુસ્તાનમાં પધારવા પહેલાંની કારકીર્દી.]

દોહરા.

સૂર્ય છબિલો સૃષ્ટિમાં, ઉદય થયો એ વાર;
રિપન નામ ધરિને કર્યો, આર્ય તણો ઉદ્ધાર. ૧
બાળપણે બહુ વિધ ભણ્યો, વિદ્યા કળા વિવેક;
બાવિશ વર્ષે રાજકિય, જોયાં કાર્ય અનેક. ૨
પ્રવેશ પાર્લામેન્ટમાં, પચ્ચીશે કરિ પૂર;
ત્યાં પ્રખ્યાતી પામિયો, એ નર કેવો શૂર. ૩
બ્હાદુર બત્રિશ વર્ષમાં, યુદ્ધ ભાગની માંહિ;
અન્ડર સેક્રેટરિ થયો, મહા માન મળ્યું ત્યાંહિ. ૪

બે વર્ષો પછિ બાંધિઓ, હિંદ સાથે સંબંધ;
અન્ડર સેક્રેટરિ રૂપે, ગુંથ્યો પ્રેમ પ્રબંધ. ૫
પાંચ વરસ પછિ પામિયા, સેક્રેટરિ પદ સ્હેજ;
અઢારસે અગન્યોતરે, ઉત્તમ મળ્યો અવેજ. ૬
નાઇટ આવ્ ધી ગારટર, પદ પામ્યા તે પ્રૌઢ;
પરોપકારપણે થયા, દયા–અશ્વ આરૂઢ. ૭
સન્ના' કમીશનના પ્રમુખ, થઈ મેળવિયો પ્યાર;
માર્કવિસ ઓફ્ રિપનનો, પામ્યા ઉંચ અધિકાર. ૮
સન અઢાર એંશી વિષે, વધ્યો હિંદપર પ્યાર;
મોકલિયો મહારાણિયે, સરસૂબો સરદાર. ૯
રિપન પધાર્યાથી રૂડી, અંતર ઉપજી આશ;
લાર્ડ લિટનથી લોક સૌ, હતા અધીક ઉદાસ. ૧૦

[લાર્ડ લિટનથી પ્રજાનો ગભરાટ અને રિપને આપેલી ધીરજ.]

રામગ્રી.

આર્ય અરજ ક્યાં જઇ કરે, હતા ઉરમાં ઉદાસ;
લાર્ડ લીટનની લાયકી, અવળી ઊતરી ચોપાસ. આર્ય. ૧
લીટન કવી રવી સમ રૂડો, તપ્યો પણ ન પ્રકાશ;
આર્યના હક એણે હણ્યા, નાંખે નર સૌ નિશ્વાસ. આર્ય. ૨
કૉનઝરવેટિવ મતમાં મચ્યો, રચ્યો નહિ ન્યાયતંત્ર;
સવળું કરતાં અવળું થયું, રાજ્ય લાભ પરતંત્ર. આર્ય. ૩
રહિછે ત્યાં રાજ્ય સલામતી, જ્યાં રૈયતનો સંતોષ;
રાજ્ય પ્રબળે પ્રજા ઉદયમાં, પ્રજા આશિષ એ કોષ. આર્ય ૪

લાર્ડ નરોએ એ લક્ષમાં, લીધું આગળ ન લેશ;
રાજ્ય પ્રબળને વધારવા, ધર્યો અવળો ઉદ્દેશ. આર્ય. ૫
અનેક પ્રકારની ઉન્નતી, કરવા આપેલ કોલ;
બોલ્યુ અબોલ્યુ એ કરયું, ઉઠી શંકા અતોલ. આર્ય. ૬
વિધ વિધના વૈભવ અને, માણે અંગ્રેજ મોજ;
અલ્પ ગણે તે આર્યને, જેવાં જંગલી રોજ. આર્ય. ૭
મમતાળુ મહારાણીના, મનમાં લેશ ન એમ;
લાયક લાર્ડ નરોછતાં, તાણે અંગ્રેજ તેમ. આર્ય. ૮
વિમળ વચન વાઇસરાયનાં, પત્ર ઉપર પેખાય;
મૃગજળ દેખી દોડે બહુ, તૃષા તેથી ન જાય. આર્ય. ૯
રાજ્યનીતિ એવી રાખતા, આવ્યા સરસૂબા સર્વ;
કોઇ કાંઇ ભલો ભાગ લૈ ગયા, જેને ઉર ન્હોતો ગર્વ. આર્ય.૧૦
બ્રિટિશ રાજ્યથી ફાયદા, પામ્યા આર્ય અનેક;
પણ પૂર પદ્ધિ ન પામિઆ, માન મળિયું ન છેક. આર્ય.૧૧
કર ભાર તો અદકો રહ્યો, રાજ્ય ખરચ અધીક;
ઉદ્યોગ અલ્પ થઈ ગેયો, સ્પષ્ટ બોલતાં બીક. આર્ય. ૧૨
દેશી છાપાની છૂટનો, કર્યો પ્રતિબંધ પૂર;
મુખ બંધ કીધાં મનુષ્યનાં, નવ દીસે કંઈ નૂર. આર્ય. ૧૩
અભય કર્યું એથી રાજ્યને, પણ ભય તે બહુ ભાળ;
ફાટે બોઇલર જ્યારે બહુ તપે, વણ નિકળે વરાળ. આર્ય. ૧૪
રાંક અને રાજ્યભક્ત છે, ઉંચ બુદ્ધિના આર્ય;
મનને મારીને બેસી રહે, કરે વિપરિત ન કાર્ય. આર્ય. ૧૫
ઉંચાં થયાં દીલ આર્યનાં, તજી સ્થિરતા તમામ;
આવી ચડયો એ અવસરે, રાય રિપન સુખધામ. આર્ય. ૧૬

પ્રૌઢ પ્રધાન જે ગ્લાડસ્ટન, પ્રજા મતનો તે પ્રાણ;
તેનો પ્રેર્યો રીપન રાજવી, કરવા આવ્યો કલ્યાણ. આર્ય.૧૭
અષ્ટાદશ એંશી મે માસની, એકત્રીસમી તારીખ;
હિંદ લગામ તેણે લિધી, પોતે પૂર્ણ પરીખ. આર્ય.૧૮
આવીને તરત તે ઉચર્યો, કરશો સ્તુતી ન કોઇ;
ગુણ દોષ ગણજો માહરા, આગળ કૃત મુજ જોઇ. આર્ય.૧૯
દ્રઢ નર ધીરજ દેઈને, કરવા લાગ્યો સુકૃત;
જય જયકાર જપાવિયો, એથી ઉધર્યો આર્યવૃત. આર્ય.૨૦

[હિંદમાં લોર્ડ રિપનનાં સુકૃત.]

રોળાવૃત.

કર્યો આર્ય ઉદ્ધાર, સુકૃત્યો કરિને ઝાઝાં;
કર્યું પ્રજામત પ્રૌઢ, કર્યાં જનનાં મન તાજાં. ૧
મીઠું મોંઘું મળે, ખચિત થઈ પડિયું ખારૂં;
સઘળે સસ્તું કર્યું, વિચારી ચિતમાં ચારૂ. ૨
સ્થાનિક સ્વરાજ આજ, આપણે સમજ્યા સાચું;
હક અર્પ્યો તે તરત, કાંઇ નહિં રહેશે કાચું. ૩
અસલ હતી એ રીત, પ્રીતથી પાણી સીચ્યું;
ધોરણસર દ્રઢ નરે, નામ જણવ્યું નામીચું. ૪
વર્ત્તમાન જે પત્ર, પ્રકાશે વિધવિધ રીતે;
વણ હથિઆરે વઢે, સૈન્ય સત્તાવણ જીતે. ૫
વિના પાંખ પરવરે, નિયમસર નિકળે નીતે;
સત્યાસત્યની છાપ, જણાવે તે જન હીતે. ૬
પાપીનો પોકાર, ન્યાયિનો જય કરનારૂં;

સ્વતંત્ર એ હથિઆર; હિંદને હક દેનાઈ. ૭
સત્વ હર્યું દઇ ફાંસિ; લિટન સરસૂએ સેજે;
આપિ છૂટ આ વાર; લાર્ડ રીપન અંગ્રેજે. ૮
કહો ગૂણ એ કેમ; કોઇ વિસરે વિર જનના;
અતિશય થઈ ઉદાર; તાપ ટાળ્યા જન મનના. ૯
હિંદ તણી હિકમતે; બને છે બહુ વિધ વસ્તૂ;
અડે નહીં અંગ્રેજ; મૂલ બેસે બહુ સસ્તૂ. ૧૦
જ્યાં ત્યાં ઇંગ્લિશ ચીજ, જોઇ વપરાતી વીરે;
એથી આર્ય લુંટાય, ધ્યાન એ લીધૂં ધીરે. ૧૧
દેશી વસ્તૂ વાપરો, રાજ દરબારી કામે;
ઠરાવ કીધો ઠીક, લાર્ડ રીપન ગુણ ધામે. ૧૨
ઉત્તેજન આપિને, ઓપિ દેશી કારિગરી;
વધારિયો વ્યાપાર, દાઝ દેશની દિલ ધારી. ૧૩
અફગાનોથી યુદ્ધ, ચાલતું અવળી રીતે;
વીશ ક્રોડ વસુ તણૂં, વાદળું હિંદ ઉપર તે. ૧૪
પાયમાલ થઇ જાત, હિંદ અરવિંદ સુકાઈ;
સમાધાન કર્યું સેજ, ભલો રીપન હિંદ ભાઈ. ૧૫
નાણાંનો નહિ નેક, નહીં સરવૈયું સરખૂં;
મેળવિયો તે મેળ, હિંદનૂં મન તવ હરખ્યું. ૧૬
લીધા પાંચ કરોડ, વિલાયત વાળા પાસે;
ખટપટિયા જન ખાસ, પડ્યા પાછા તે ત્રાસે. ૧૭
દેખા દે દૂકાળ, તોએ ખેડૂ કર ભરતા;
દાઝયા ઉપર ડામ, વગર મોતે તે મરતા. ૧૮
મહા મજૂરી કરી, કરે કિમંત ખેતરમાં;

દર ત્રિસ વર્ષે વધે, વિઘોટી કેરા દરમાં. ૧૯
ઊચ મને ખેડુતો, કરી મે'નત પસ્તાએ;
સુધરે નહી જમીન, યથાસ્થિત એ ઉપાયે. ૨૦
વિપરીત જોઇ એ રીત, પ્રીતથી પોતે ટાળી;
કાયમ દરને માટ, ઠરાવ્યું ધન્ય હિંદ વાલી. ૨૧
દુકાળમાં કર માફ, કર્યો ખેડૂ હરખાશે;
જમિન થશે ફળદ્રૂપ, કૂપ ખેડૂ ખુબ ખણશે. ૨૨
શામ સ્વેત સમ ગણી, ન્યાયને નિરમળ કીધો;
ગોરાનો ઇનસાફ, દેશિને હાથે દીધો. ૨૩
કોળાહળ કરિ મુકયો, અવીવેકી અંગ્રેજે;
નવ ચાલ્યો ઉપાય, ન્યાયિ નર કેરે તેજે. ૨૪
નિંદા કરી નિશેદ્ધ, બળી બડબડતા બેઠા;
વિજય વિરનો થયે, હાથ પડિયા બહુ હેઠા. ૨૫
કેળવણી ઉંચિથી, દેશિઓ ડાહ્યા થાશે;
સ્વતંત્ર થઇ હક માટ, ધૈર્યથી સામા ધાશે. ૨૬
માટે નવ દો મદદ, એમ અંગ્રેજો ઉચરે;
પણ નવ માન્યું તેહ, લાર્ડ રીપનની હજુરે. ૨૭
કમિશન કેળવણિનું, ઘૂમિયું ખૂણે ખૂણે;
ખરી ખબર મેળવી, કર્યું નક્કી નીપૂણે. ૨૮
વિદ્યાવૃદ્ધિ માટ, અતી ઉત્તેજન આપ્યું;
મદદ ચાલની રાખિ, ખાતુ એ સ્થિર કરિ સ્થાપ્યું. ૨૯
લેજીસલેટિવ કરી, કૌન્સિલ કોવિદ જનની;
ધનાઢય કરતાં અધિક, મતા ગણિ પંડિત મનની. ૩૦
હાજી હા કરનાર, મેંબરો હક હણનારા;

હવે નહીં કોવાર, થાય તે મત દેનારા. ૩૧
સ્વતંત્ર રહિ વિદ્વાન, માગશે હક હિંમતથી;
મળિયો લાભ અલભ્ય, રિપનના અમુલ્ય મતથી. ૩૨
પ્રથમ કાયદા તણો, મુસદ્દો પ્રસિદ્ધ મૂકી;
જન મતને મેળવી, પછી કરવો તે નક્કી. ૩૩
આ પણ નવિન ઠરાવ, આપણે હાથે આવ્યો;
રંગ રિપનને રંગ, ભલો વસ્તી મન ભાવ્યો. ૩૪
કર્યો ફેકટરી આકટ, મૃદુજન મજૂર માટે;
ધન્ય ધન્ય ઉચરાય, રિપન વિર વાટે ઘાટે. ૩૫
થાય ઇજીપ્તે યુદ્ધ, હિંદ હિસ્સો દે શાથી;
તરત લિધી તકરાર, ભલો રીપન ભડ ભાથી. ૩૬
મહુડાં બિલ રદ્દ કર્યું, બેંક કરિ એગ્રિકલચરલ;
કરી પોસ્ટ ઑફિસે, બેંક ઉપયોગી જનરલ, ૩૭
યૂનીવર્સિટિ યોગ્ય, નવા હક નૌતમ પામી;
કલકત્તા હાઇકોર્ટ, જડજ દેશીથી જામી. ૩૮
શિલ્પકળા શિખનાર, જાય ઇંગ્લાંડે જેઓ;
હરકત ટાળી હવે, ભણે ભલિ ભાતે તેઓ. ૩૯
સીવિલ સર્વિસ માટ, દેશિના હક દરસાવી;
લાયક લખાણ કર્યું, કૃપા ‡પીયૂશ વરસાવી. ૪૦
ઇત્યાદિક અનેક, કામ ઉત્તમ છે કીધાં;
આર્ય ઉન્નતી માટ, અભયનાં દાનજ દીધાં. ૪૧
અન્નન્વય ઉચરાય, રિપન સમ રીપન રાણો;
કહે હરજીવન આર્ય, જગત તારણ તે જાણો. ૪૨

---

‡ અમૃત.

[સિધાવતી વખતનું સન્માન.]

ગરબી.

(અલબેલીરે અંબેમાંત જોવાને જઈએ.) એ રાગ.

રાખ્યો રંગ રિપન મહારાજ, આર્યજ ઉચરે છે;
જેણે ભરિયું જશનું જહાજ, વિલાયત વિચરેછે. ટેક.
વિચરીને વીલાયત માંહિ, મહારાણિને મળશેરે;
સમાચાર સંભળાવી સરવે, ત્યાં બેઠે હિત કરશે. વિલાયત. ૧
બંગાળામાં માન મળ્યું બહુ, સહુ રીપનથી રાજીરે;
ઘર ઘર એના ગૂણ ગવાએ, વૃત્તી કરી ત્યાં તાજી. વિલાયત. ૨
બાળ વૃદ્ધ યૂવા નર નારી, રિપન રિપન મુખ બોલેરે;
અજર અમર એ નામ થયું અહિં, રામ નામની તોલે. વિલાયત. ૩
કીર્તિ પ્રકાશ દશે દિશ પોચ્યો, ખાલી નહિ કો ખૂણરે;
માનપત્રનો પાર ન પામે, આદરમાં નહિં ઊણ. વિલાયત. ૪
મુંબઇવાસી ને મદ્રાસી, વળિ મહિસોર નિવાસીરે;
અમદાવાદી આદિ પંડિતે, મુંબાપુર બન્યું કાશી. વિલાયત. ૫
એ પંડિત સરદારોએ મળિ, માન દિધૂં મુંબાઇમાંરે;
વિપ્રજને વિધિ પૂર્વક પૂજ્યો, દેવ ગણી એ નવાઇમાં. વિલાયત. ૬
હિંદુ પારસીની પદમણીએ, પુષ્પહાર આરોપ્યારે.
કુમારિકાએ કુમકુમ છાંટી, કર્ણ કાવ્યથી ઓપ્યા. વિલાયત. ૭
ભિન્ન ભિન્ન ઉદ્યોગિજનોએ, આરંભ્યો ઉદ્યોગરે;
એક બીજા સરસાઈ કરેછે, રિપન માનને યોગ્ય વિલાયત. ૮
ઈંદ્રપુરીથી અધિક બન્યું છે, આજે મુંબાપૂરરે,
જળ હળ જ્યોત પ્રકાશી રહિ છે, તેમાં રિપન શૂર. વિલાયત. ૯
ખાન પાનને ગાન થાયછે, ઘર ઘર નાટારંગરે;

વાટે ઘાટે રિપન ગવાએ, આનંદ અંગોઅંગ. વિલાયત. ૧૦
જ્યારી એની નીરખવાને, દેવ વિમાને ચડિઆરે;
છજે ઝરૂખે ચંદ્ર મુખી તે, જાણે ઈંદુ જડિઆ. વિલાયત. ૧૧
પુષ્પ થકી સૌ વીર વધાવે, જન મારગ નવ માયરે;
. ધજા પતાકા આદર આપે, મન રીપન મલકાય. વિલાયત. ૧૨
મ્હાજન કહે તુજ ભોઇ બનીને, પાલખિ કાંધે ધરિએરે;
કાંતો હય તુજ રથના થઇએ, પાડ કેમ વિસરીએ. વિલાયત. ૧૩
પંડિત કહે તુજ ગુણની પોથી, ઘરઘર જઇને ગાઇએરે;
કીર્તિ કાવ્યના કોશ દઈએ, તોય અનૃણી ન થઇએ. વિલાયત. ૧૪
કોઇ કહે હક અર્પી એણે, મનુષ્ય ઓળમાં મુકયારે;
મનુષ્ય માત્ર આશિષ આપેછે, ચિતથી નથી કોઇ ચુકયા. વિ. ૧૫
વર્ડસ્વર્થાદિક મહા પંડિત ને, અવર સુજ્ઞ અંગ્રેજેરે;
રિપનરાયને રંગ કહેછે, ધન્ય રિપનનો નેજો. વિલાયત. ૧૬
ભર્તભૂમિ આ યશ દાયક છે, સફળ અને શુર દેવીરે.
રીઝવવાથી રીપન પામ્યો, અનુપમ કીર્તિ એવી. વિલાયત. ૧૭
ન્યાય * ગૂણથી આર્ય તણાં મન, રીપન બાંધી જાયરે;
દયા પ્રીતિથી ગાંઠ દિધી છે, છોડયાં નવ છોડાય. વિલાયત. ૧૮
ફળદાયક ફાસેટ પડયોરે! અપંગ પણ એક રંગીરે;
અમર નામ એવું આ દેશે, એજ રિપનનો સંગી. વિલાયત. ૧૯
વાઇસરાય કોઇ ઘણા થયા અહિં, પણ રીપન તે રીપનરે;
મહારાણી પણ માન દીયે બહુ, ધન્ય રીપનને ધન્ય. વિલાયત. ૨૦
હેત વધારી વિલાયત વિચરે, ગુણ વિચરે નહીં લેશરે;
જય જયકાર હજો એ જનનો, હરજીવન હમેશ. વિલાયત. ૨૧

હોરી.

માલિની છંદ.

રસિક રિપન શાણો, વીચરેછે સ્વદેશી,
સ્વજન મન ઉદાસી, થાય કો શાંતિ દેશે!
પરમ ધરમિ પ્યારો, પત્રથી સાર લેશે;
ધીરજ ઉર ધરો સૌ, હિંદ હૈયે રહેશે. ૧

દોહરા.

રીપન હૈયે હિંદ છે, હિંદ હૃદય તે હોય;
જેનું દિલ જેમાં જડયૂં, સમીપ તેતે જોય. ૧
સન અઢાર ચોરાશિમાં, વીશ ડિસેંબર દીન;
શ્રીરવાર સાધાવિયા, રીપન હિંદ સ્વામીન. ૨
એજ દિવસ ઉત્સવ થશે, પ્રતિ વર્ષે પ્રખ્યાત;
અચળ નામ રીપન રહે, હિંદ વિષે વિખ્યાત. ૩
રિપન નામનાં ફંડથી, કંઇક રાખશે નામ;
હરજીવન કવિતા થકી, અમર થશે ગુણ ધામ. ૪

(કૈશરેહિંદ પ્રત્યે આર્યની અરજી.)

ગરબી.

(રાગ ઓધવજીના સંદેશાનો.)

શામરાજ સાંભળજો અરજી આર્યની,
કીધા અમપર અતી તમે ઉપકાર જો;
શી પેરે બળ કરિને, બદલો વાળિએ,
અમ આશિષથી રિઝશે સરજનહારજો. શામરાજ. ૧
નિરમળ ન્યાયિ દયાળુ દેજો દેશને,
રિપન સરિખા શાણા સહુ સરદાર જો;
આર્ય પ્રજા જીતાએલી નથિ યુદ્ધથી,
જીતી છે તે દયા ન્યાય હથિઆર જો. શામરાજ. ૨
પ્રજા પ્રેમ પાયો દૃઢ જાણો રાજનો,
લૂણો લાગે ખરતો હતો હમેશ જો;

... . નાવડચો,
અનઃ ઉપર અમને બહુ ઇતબાર જો;
વચન થકી દોરઇએ જ્યાં તે દોરવે,
લાખ સૈન્યનું બળ તે પાસ લગાર જો. શામરાજ. ૬

સબળ અને દૃઢ સત્તા કરી બ્રિટીશની,
પ્રજા ભકિતનું પડાવિયું પીછાણજો;
રાજ્ય પ્રજા ઊભયને એથી લાભ છે,
ખરો પ્રતિનિધી એ છે ગુણની ખાણજો. શામરાજ. ૫

પ્રૌઢ પ્રજામત પ્રતિદિન થાતું જાયછે,
પ્રીતે ધોરણ બાંધ્યાં તે પરમાણજો;
કુટિલ તણી કૂથલી તે કાને ના ધરી;
રિપન વચન તે જેવું રામનું બાણજો. શામરાજ. ૬

દિગ્વિજય નૃપ કરતા આગે યુદ્ધથી,
તેથી થાતી જગ બાધાને હાણ જો;
શાંતીનો જય કરી આવે છે રાજવી,
સામૈયુ કરિ વધાવજો નિરવાણ જો. શામરાજ. ૭

ઘરઘર આનંદ ઉત્સવ થાય વિલાયતે,
લાર્ડ રિપનના યશનો પડે પ્રકાશ જો;
એથી અવર અમિર ઉત્તેજન પામશે,
એવી ઉરમાં આર્ય જનોને આશ જો. શામરાજ. ૮

એજ યુધિષ્ટિર રામ બલી અમે જાણિએ,
રૂપ ગુણ વિદ્યા કળા તણો નીધાન જો;
શિરોમણી એ સર્વે સરસૂબા તણો,
આર્ય ઉદય મુર્તીને દો બહુ માન જો. શામરાજ. ૯
ભર્તખંડની ભુખ માતાજી ભાગજો,
મગ્ન કરીને ઉજળું કરજો મૂખ જો;

[illegible] થી ઉપજ [illegible]
હુનર વધાર્યાથી વધશે ઉદ્યોગ જો;
સર્વ વસ્તુ સંપાદન થાએ હિંદમાં,
આવક અટકી, જાએ બાહેર જોગ્ય જો. શામરાજ.૧૧
રાજ કાજમાં આર્ય નરોને નીમજો,
જરૂર પડ્યા વણ નિમશો નહિ અંગ્રેજ જો;
દેશીને કેળવણી દીધી કોડથી,
યોગ્ય કર્યા તો આપો માત અવેજજો. શામરાજ.૧૨
ભવ્ય સફળ જશદાયક ભૂમી ભર્તની,
રાજ્યભક્ત પણ આર્ય પ્રજા છે પૂર જો;
રિપન તણી વૃત્તીએ ચાલી વેગથી;
ખ્યાલ કરો મા નૌતમ નીપજે નૂરજો. શામરાજ.૧૩
રિપન અમારો આવે છે ત્યાં એલચી,
મન વાણી ને કર્મ તણો મુખ્ત્યારજો.
તેનું શુણજો દેજો માનજ તેહેને;
તેની સાથે પ્રજા તણોછે પ્યારજો. શામરાજ.૧૪

દોહરો

પ્રજા પ્યારને જશતણું, જેની સાથે ઝાઝ;
આવે છે ઈંગ્લાંડમાં, એજ રિપન મ્હારાજ, ૧

સોરઠો.

ઈશ્વર માગું આજ, રીપન દિર્ઘાયુ કરો;
કરે અમારાં કાજ, વેગે રહી વિલાયતે.. ૧
પ્હેલો દિવસ પવિત્ર, સન અઢાર પંચ્યાશિનો;
રીપન મિત્ર ચરિત્ર, ઉત્તમ આતમજ ઊચર્યો. ૨

બુદ્ધિપ્રકાશ.

બુદ્ધિપ્રકાશ નામનું મોટા ૨૪ પૃષ્ઠનું ચોપાનીઉં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી દર માસે પ્રગટ થાયછે. એમાં વિદ્યા, હુનર, સુનીતિ, ઇતિહાસ સંબંધી જુના લેખ, સંસાર સુધારો અને બીજા ઉપયોગી અને મનોરંજક ગદ્યપદ્યના વિષયો દાખલ થાયછે. એનું વાર્ષિક લવાજમ રૂ૧-૧૧-૦ ટપાલ ખર્ચ સુદ્ધાં છે. છુટક અંકના ત્રણ આના. પોસ્ટેજ જુદું. ગ્રાહક થવા ઇચ્છનારે ગુ. વ. સોસાઈટીના આસિસ્ટંટ સેક્રેટરીના નામ ઉપર લવાજમ વગેરેના પૂરેપૂરા પૈસા પ્રથમથી મોકલી લખવું.